મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૦ ટકા

ગાંધીનગર તાપમાન

મોતિયો આવતા બેકાર બનેલા ડ્રાઈવરનો ગળે ફાંસો

સે-૨૪ ઈન્દિરાનગરમાં રહેતા ૪૮ વર્ષીય ડ્રાઈવરે લીંબડીયા કેનાલ નજીક બાવળના ઝાડ પર લટકી જઈ જીવન ટુંકાવ્યું : મોતિયાનું ઓપરેશન કરાવ્યું પરંતુ ડ્રાઈવીંગ કરી શકે તેવી રીકવરી આવી ન હતી

ગાંધીનગર, તા.૨૨

શહેરના સેકટર-૨૪ ઈન્દિરાનગર ખાતે રહેતા એક આધેડ ડ્રાઈવર તરીકે છુટક કામ કરતા હતાં. તેમને આંખે મોતિયો આવ્યો અને મોતિયાનું ઓપરશન પણ કરાવ્યું... પરંતુ ઓપરેશન બાદ પણ તે ફરીથી ડ્રાઈવીંગ કરી શકે તેવી રીકવરી આવી નહતી. જેને પગલે તે ફરી ડ્રાઈવીંગ કરી શકે તેમ ન હતાં. આંખે મોતિયો આવ્યો અને દેખાતું ઓછું થઈ ગયું તેને કારણે ફરીથી ડ્રાઈવીંગ કરી શકે તેમ ન રહેતા બેકારીનો ભોગ બન્યા હતા. આર્થિક સંકડામણ શરુ થતા કંટાળી ગયેલા આધેડ પોતાનું મોપેડ લઈને લીંબડીયાથી કરાઈ રોડ પર પહોંચી ગયા અને એક બાવળના ઝાડ સાથે લટકી જઈ ગળે ફાંસો ખાઈ લઈને તેમણે જીવન ટુંકાવી લીધું હોવાનું ધ્યાને આવ્યું છે. ડભોડા પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી કાર્યવાહી શરુ કરી છે.

મળતી માહિતી મુજબ લીંબડીયાથી કરાઈ તરફ જઈ રહેલા કેનાલ સિકયુરીટી ગાર્ડ પ્રવિણભાઈ ઠાકોરે જોયું હતું કે એક આધેડ પોતાનું મોપેડ સાઈડમાં મુકીને બાવળના ઝાડે ગળે ફાંસો ખાધેલી હાલતમાં લટકતો હતો. ડભોડા પોલિસને આ મામલે જાણ કરતા પોલિસ સ્થળ પર આવી પહોંચી હતી. મૃતદેહ ઝાડ પરથી ઉતારી ખીસ્સા તપાસતા ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લેનાર આધેડનું ઓળખ કાર્ડ મળ્યું હતું. શહેરના સેકટર-૨૪ ઈન્દિરાનગર વિસ્તારમાં રહેતા ૪૮ વર્ષીય ચતુરભાઈ રવજીભાઈ સોલંકી હોવાનું બહાર આવતા ડભોડા પોલિસે તેમના પરિવારજનોને જાણ કરી બોલાવી લીધા હતા. પોલિસે પરિવારજનોના લીધેલા નિવેદનોમાં પરિવારજનોનું કહેવું હતું કે ચતુરભાઈ ડ્રાઈવીંગનો ધંધો કરતા હતા. થોડા સમય પહેલા તેમને આંખે મોતિયો આવતા આંખે મોતિયાનું ઓપરેશન કરાવ્યુ હતું. પરંતુ ઓપરેશન બાદ પણ દૃષ્ટિ ડ્રાઈવીંગ કરી શકાય તેટલી સારી આવી ન હતી. જેને કારણે ડ્રાઈવીંગ કરવાનું કામ તેમણે બંધ કરી દેવું પડયું હતું. આધેડ વયે પરિવારજનોના ગુજરાનની જવાબદારીના ભાર વચ્ચે બેકારીનો ભોગ બની ગયેલા ચતુરભાઈ હતાશ થઈ ગયા હતા અને ચિંતામાં ગરકાવ થઈ ગયેલા ચતુરભાઈ પોતાનું મોપેડ લઈને લીંબડીયા રોડ તરફ પહોંચી ગયા અને બાવળના ઝાડે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી નાંખી હતી. ડભોડા પોલિસે ઘટના અંગે વધુ તપાસ હાથ ધરી છે.

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી દર ગુરુવારે શ્રમિકોને ખીચડીનું ભોજન વિના મૂલ્યે આપવામાં આવે છે. આજે ચકાભાઈ ખત્રીના સહયોગથી ખીચડી અને પ્રસાદ સાથે ઉનાળાની ગરમીથી તપતી જમીન પર ખુલ્લા પગે ચાલતા બસોથી વધુ શ્રમજીવીઓને બુટ, ચંપલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના હાર્દિકભાઈ તલાટી સહિય અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

અદાણી શાંતિગ્રામમાં વકીલના ઘરે થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

સુપરવાઈઝરે ડુપ્લીકેટ ચાવીથી ઘર ખોલીને ચોરી કરી હોવાનું ખુલ્યું : રૂ. ૧.૭૪ લાખનો ચોરીનો માલ રીકવર

ગાંધીનગર, તા.૨૨

અડાલજ નજીક અદાણી શાંતિગ્રામમાં આંગન ફલેટમાં એક મહિલા વકીલના ઘરમાંથી દાગીના અને રોકડ મળી રૂ. ૧.૭૪ લાખની મત્તાની ચોરી થવા પામી હતી. ડુપ્લીકેટ ચાવીથી થયેલી ચોરી મામલે થયેલી પોલિસ ફરિયાદની અડાલજ પોલિસે તપાસ શરુ કરી બીજા જ દિવસે ચોરને દબોચી લીધો છે. મકાનોમાં મિસ્ત્રીકામ, વાયરીંગ કામ, ગીઝર-એસી રીપેરીંગ સહિતના કામો કરાવતો સુપરવાઈઝર જ ચોરી કરી ગયો હોવાનું ખુલતા તેની ધરપકડ કરી લઈ અડાલજ પોલીસે ચોરીમાં ગયેલો તમામ રૂ.૧.૭૪ લાખનો મુદ્દામાલ રીકવર કરી આરોપીની વધુ પુછપરછ શરુ કરી છે.

ગુજરાત હાઈકોર્ટમાં વકીલ તરીકે પ્રેકટીશ કરતા મહિલા કૃપાલીબેન ભટ્ટ અદાણી શાંતિગ્રામમાં આંગન ફલેટમાં રહે છે. તેમના ઘરમાં મિસ્ત્રીકામ અને ગીઝર ફીટીંગનું કામ ચાલતું હતું. મકાનની એક ચાવી તેમની પાસે હતી અને બીજી કારીગર પાસે હતી. ગઈ કાલે બપોરે તેમના ઘરના તાળાને ચાવીથી ખોલીને કોઈ ચોર રૂ. ૧.૭૪ લાખના દાગીના તથા રોકડની મત્તા ચોરી કરી રફફુચક્કર થઈ ગયો હતો.

અડાલજ પોલિસ મથકના પી.આઈ. જે.જી.વાઘેલાની ટીમે તપાસ શરુ કરી અને બીજી ચાવી કયાં કયાં ફરી છે? તેનો અભ્યાસ કર્યો. ત્રણ શકમંદો પૈકી એક સુપરવાઈઝર કે જે અદાણી શાંતિગ્રામમાં કોઈ પણ મકાનમાં કાંઈ પણ કામ કરવાનું હોય તો તે કરાવી આપતો હતો તેનું ઈન્ટ્રોગેશન શરુ કર્યું. 'હું કાંઈ જાણતો જ નથી'નું રટણ કરી રહેલ સુપરવાઈઝર ભરત રામજી પરમાર (વેજલપુર)ને બપોરના સમયે મિસ્ત્રી અને ગીઝર ફીટીંગ કરીને કારીગરો ગયા ત્યાર બાદ શંકાસ્પદ રીતે અવરજવર કરતા સીસીટીવી ફુટેજમાં જોયા...! પોલિસે કડક પુછતાછ કરતા તેણે કબુલાત કરી કે પૈસાની જરુર હોવાથી તેણે જ ચોરી કરી છે. અડાલજ પોલિસે તેની ધરપકડ કરી મુદ્દામાલ રીકવર કરી લીધો છે.

વડનગરા નાગર મંડળ દ્વારા હાટકેશ જયંતિ ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર, તા.૨૨

વડનગરા નાગર મંડળ દ્વારા પહેલી એપ્રિલ રવિવારના રોજ કોમ્યુનિટી હોલ સે-૭ ખાતે હાટકેશ્વર દાદાના પાટોત્સવનું આયોજન કરાયું છે જેમાં લઘુરૂદ્ર પૂજાનું પણ આયોજન કરવામાં આવેલ છે.

પાટોત્વ દરમિયાન બાળકો તથા યુવાવર્ગના આનંદ હેતુથી આનંદમેળો, નાગર સાહસિકોને પ્રોત્સાહન હેતુથી પ્રદર્શન તથા વેચાણ તથા પ્રસાદીનું આયોજન કરેલ છે. જે જ્ઞાતિજનો લઘુરૂદ્ર પૂજાનોલાભ લેવા ઈચ્છતા હોય તેમણે જયંતભાઈ બૂચ (૯૪૨૭૪૦૦૭૮૦) પ્રદર્શન માટે તરંગભાઈ હાથી (૯૮૨૬૬૨૨૩૫૫) તથા પ્રસાદી પીરસવા માગતા જ્ઞાતિજનોએ દર્પણભાઈ બૂચ (૯૮૨૫૨૬૭૦૬૧)નો સંપર્ક કરવા જણાવાયું છે. તદઉપરાંત જે જ્ઞાતિજનો પાટોત્સવમાં ભાગ લેવા અસમર્થ હોય તેમણે અગાઉથી પ્રસાદી નોંધાવવા સર્જિતભાઈ નાણાવટી (૯૮૨૪૦૧૪૦૩૩)નો સંપર્ક સાધવો. જ્ઞાતિજનોએ કુટુંબની સંખ્યા ૩૦ માર્ચ સુધી સેકટરના પ્રતિનિધિને નોંધાવી દેવી તથા ભોજન પાસ સ્થળ પર ઉપલબ્ધ રહેશે.

૩૦ માર્ચના રોજ વિસનગરા નાગર પરિવાર દ્વારા નર્મદેશ્વર મહાદેવ મંદિર ખાતેથી હાટકેશ્વર પાટોત્સવની ઉજવણીના ભાગરૂપે રવાડીનું આયોજન સાંજે ૫.૩૦ કલાકે કરેલ છે. જેમાં જ્ઞાતિજનોને જોડાવવા અપીલ કરવામાં આવી છે.

પાણી બચાવવા શહેરની મહિલાએ ઘરે ઘરે ફરી પ્રતિજ્ઞા લેવડાવી

વિશ્વ જળ દિવસે સે-૮માં દક્ષા પટેલે નાગરિકોને પાણીનો બગાડ અટકાવી તેનું મહત્વ સમજાવવા અભિયાન હાથ ધર્યું

ગાંધીનગર, તા.૨૨

સમગ્ર દેશભરમાં આજે 'વિશ્વ જળ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગરમાં પણ આ દિવસ નિમિત્તે સરકારી ઉપરાંત વિવિધ સંસ્થાકીય કાર્યક્રમો યોજાયા હતા. દર વર્ષે જળ દિવસની થતી ઉજવણીઓ અને આયોજનો છતાં રાજયભરમાં જળસંકટ દિન પ્રતિદિન વધતું જાય છે. આ સંજોગોમાં ગાંધીનગરના સેકટર-૮ની એક મહિલાએ સ્વયંભૂ 'પાણી બચાવો જન જાગૃતિ અભિયાન' હાથ ધરી શહેરમાં ઘરે ઘરે ફરી પાણી બચાવવા પ્રેરણાત્મક કવાયત હાથ ધરી છે.

ગાંધીનગરના સેકટર-૮માં આજે દક્ષા પટેલ નામની એક મહિલા ઘરે ઘરે ફરી રહી હતી અને દરેક રહીશોને જળનું મૂલ્ય સમજાવી પાણીનો બગાડ નહી કરવા સમજાવી રહી હતી. આ સાથે આ મહિલા દરેક રહીશોને એક પ્રતિજ્ઞા પત્ર આપી પ્રતિજ્ઞા લેવડાવતી હતી જેના શબ્દો આ પ્રમાણે છે, 'હું માનવતાના ધોરણે શપથ લઉં છું કે નવી પેઢીના સુરક્ષિત ભવિષ્ય માટે પાણીની બચત કરીશ, પાણી બગાડીશ નહી અને બગાડવા દઈશ નહીં. હું પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીશ.' આ પ્રકારની પ્રતિજ્ઞા રહીશો પાસે લેવડાવી દક્ષા પટેલ દરેકને પાણીના વિવેકપૂર્ણ ઉપયોગ માટે સમજણ આપી રહ્યા હતા. એક મહિલાના આ પ્રકારના જવાબદારીભર્યા અભિગમ અને એકલે હાથે પણ પાણી બચાવવાના પ્રયાસમાં પોતાનું યોગદાન આપવાની નૈતિકતા સૌને સ્પર્શી ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પાણીનું સંકટ વધવા પાછળ પાણીનો બેફામ વેડફાટ પણ જવાબદાર છે એટલે આ સમસ્યાને હળવી કરવા નાગરિકોએ પાણીનો બગાડ અટકાવવો જરુરી બનતું જાય છે. આ સમયે દક્ષા પટેલનું આ અભિયાન શહેરના નાગરિકોમાં પ્રેરણારૂપ બની રહેશે તેવું જણાય છે.

કેવી પ્રતિજ્ઞા લેવડાવી??

પાણી બચાવો જન જાગૃતિ અભિયાન

હું માનવતાના ધોરણે શપથ લઉં છું કે -

- **હું નવી પેઢીના સુરક્ષિત ભવિષ્ય માટે પાણીની બચત કરીશ.**
- **હું પાણી બગાડીશ નહી અને બગાડવા દઈશ નહીં.**
- **હું પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીશ.**

ચાંદખેડા-અડાલજ જવા માટે નવા સેકટરના રહીશોને સીટીબસાનો લાભ મળશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં તાજેતરમાં યોગી ઈન્ટરસીટી બસ સેવાનો પ્રારંભ થયો છે. તે પહેલા વીટકોસ બસ સેવા હતી જે નગરજનોને શહેરના નજીકના સ્થળો સુધી લાવવા લઈ જવાની જવાબદારી નિભાવતું હતું. પરંતુ તે બંધ થયા બાદ નગરજનો હેરાન પરેશાન થઈ ગયા હતા. ત્યારબાદ તંત્ર દ્વારા યોગી ઈન્ટરસીટી બસ સેવા શરુ થઈ છે. ચાંદખેડા તેમજ અડાલજ તરફ જતી બસ મુખ્યમાર્ગ ઘ રોડ પરથી પસાર થાય છે. જેથી સેકટરોના રહીશોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડવો છે. જેને પગલે યોગી બસ સેવાને લેખિત રજુઆત સેકટરના વસાહત મંડળો દ્વારા કરવામાં આવી હતી જેને પગલે અડાલજ તેમજ ચાંદખેડા જતી બસ સેવા પથિકાશ્રમથી વાયા સેકટરો થઈને સે-૩ એ ન્યુ શોંપિગ સેન્ટર થઈને અડાલજ ચોકડી પહોંચશે. જેથી સેકટરના નાગરીકોને ચાંદખેડા કે અડાલજ માટે ઘ-૧ કે આરટીઓ કચેરી સુધી જવુ નહી પડે અને ઘર આગળથી જ સીટી બસનો લાભ મળશે.

યોગી સીટી બસ સેવા શહેરના મુખ્ય મથકો તેમજ ગામડાઓ સુધી સેવા પુરી પાડે છે. જેમાં અડાલજ, ચાંદખેડા, પેથાપુર, ચિલોડા, ઉનાવા, રૂપાલ, કોબા, સહિતનો સમાવેશ થાય છે. રોજના હજજારો મુસાફરો સીટી બસ સેવાનો લાભ લે છે. પહેલા કરતા સીટી બસ સેવાની સુદ્રઢ સેવા મળતા મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી છે. ત્યારે પથિકાશ્રમથી ચાંદખેડા અને અડાલજ તરફ જતી બસ સેવાનો લાભ સેકટરવાસીઓને મળી રહે તે માટે યોગી બસ સેવાના તંત્રને રજુઆત કરી હતી. જેથી યોગી બસ સેવા દ્વારા સવારે અને બપોરના રૂટની બસ સેકટરમાંથી પસાર થશે તેમ જણાવ્યું છે. જેમાં સવારે ૬.૨૦ થી ૧.૦૦ કલાક સુધી બસ સેવાનો આવવા જવા માટે લાભ મળશે તેમજ બપોરે ૧.૫૦ થી સાંજે ૭ કલાક સુધી લાભ મુસાફરોને મળશે.

સંસ્કૃતિ સંસ્થાનો "મુસાફિર હું યારો" કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

પાટનગરની જાણીતી કલા સંસ્થા સંસ્કૃતિ દ્વારા આગામી તા.૨૪ માર્ચને શનિવારના રોજ રાત્રે૯.૧૫ કલાકે ટાઉનહોલ ખાતે કિશોરકુમારના કંઠે ગવાયેલા ગીતોનો કાર્યક્રમ મુસાફિર હું યારો યોજાશે. જેમાં કિશોરકુમારના કંઠે ગવાયેલા સુંદર ગીતોની પ્રસ્તુતી યુવા કલાકાર ભુષણ અવસ્થી દ્વારા કરવામાં આવશે.

કિશોરકુમાર ફિલ્મ જગતમાં રમતીયાળ ગાયક તરીકે ઓળખ પામ્યા હતા. આ રમતીળપણું વ્યકિતગત વ્યવહારમાં તો હતું જ પણ એ ઉપરાંત તેમની ગાયકીમાં પણ અદ્‌ભુત રમતીયાળપણુ દેખાતુ હતું. તેમના ગાયેલા ગીતો આજ પણ સૌ નાગરીકોના સ્મરણમાં ગમવાપણાનો માળો બાંધીને બેઠા છે અને તે સતત ગુંજતા રહે છે. કિશોરકુમારના અવાજની ભરપુર નિકટતા ધરાવતા અને વોઈસ ઓફ કિશોરકુમારનુ બિરૂદ પામેલા ગુજરાતના યુવા કલાકાર ભુષણ અવસ્થીના કંઠે ગીતો રજુ થશે જેમાં તેઓને જયોતિ ક્રિશ્ચિયન અને ફેકલીન સાથ આપશે. આ કાર્યક્રમનું સંગીત સંચાલન અગ્રીમ લોકપ્રિય અને તેજસ્વી નિયોજક સંદિપ ક્રિશ્ચિયન સંભાળશે. સંસ્થાના કાર્યક્રમના કાર્ડ તમામ સભ્યોને મોકલી અપાયા છે જો કોઈને ન મળે તો સંસ્થાના મંત્રી મનોજ શુકલનો ૯૮૨૫૮ ૭૯૫૨૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

અત્યારે હાલ ચાલતી ચૈત્રી નવરાત્રિમાં વિવિધ ભજન મંડળો દ્વારા આનંદના ગરબાનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે શહેરના સે-૩ ખાતે પણ માતાજીના આનંદના ગરબાનું સુંદર આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં મહિલા ભકતો જોડાઈ હતી અને માતાજીના ગરબા ગાયા હતા.

હવામાનમાં એકાએક બદલાવથી ઉભી થતી કુદરતી આપત્તિઓ પ્રત્યે સજાગતા કેળવવાનો ઉદ્દેશ

માર્ચ મહિનાની **૨૩મી તારીખ વિશ્વ હવામાન દિવસ** તરીકે ઉજવાય છે. વિશ્વ હવામાન દિવસની ઉજવણી ૧૯૬૧થી થઈ રહી છે. ૨૩ માર્ચ ૧૯૫૦ના રોજ વર્લ્ડ મીટીઓરોલોજી ઓર્ગેનાઈઝેશનની એક કોન્ફરન્સમાં આ નિર્ણય લેવાયો હતો. પણ આ દિવસની ઉજવણીની શરૂઆત ૧૯૬૧થી થઈ હતી. યુનાઈટેડ નેશન્સના માર્ગદર્શન નીચે આ સંસ્થા હવામાન અને દરિયાઈ વિજ્ઞાન સંદર્ભમાં મહ્‌ત્વની કામગીરી કરે છે. આ સંસ્થા સાથે ૧૬૧ જેટલા દેશોના પ્રતિનિધિઓ સક્રિય રીતે ભાગ લઈ કામગીરી કરે છે.

હવામાન એટલે પૃથ્વીના ઉપર ભાગમાં જેને આપણે વાતાવરણ કરીએ છીએ તે વાતાવરણમાં અનેક વાયુઓ, ભેજ, વાદળો આવેલા છે. ગરમી-ઠંડીના કારણે સતત હવામાનમાં બદલાવ આવે છે. વરસાદ, પવન, વાવાઝોડા, વજળીના કડાકા, અતિવૃષ્ટિ, અસહ્ય ગરમી, બરફવર્ષા જેવી ઘટનાઓ સતત હવામાનમાં થતા બદલાવના કારણો બનતી હોય છે. ઋતુચકની



સાથે સાથે હવામાન સતત બદલાતું હોય છે. એટલે આ હવામાન અંગેની માહિતી બધાને ઉપલબ્ધ થાય તે જરુરી છે. હવામાનમાં એકાએક બદલાવથી ઉભી થતી કુદરતી આપત્તિઓ પ્રત્યે સજાગતા કેળવવી એ પણ એક ઉદ્દેશ છે.

પર્યાવરણના વિવિધ પ્રદૂષણના પગલે તથા ગ્રીન હાઉસ વાયુઓ સતત વાતાવરણમાં ઠલવાતા ગ્લોબલ વોર્મિંગ અને કલાયમેટ ચેન્જ જેવી વૈશ્વિક ઘટનાઓએ જોર પકડયું છે ત્યારે હવામાન અંગેની સતત માહિતી, સમુદ્ર ઉપરના હવામાનમાં થતા ફેરફારોની સૂચના વિશ્વભરના દેશો સુધી પહોંચે તે સારું અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ અને સેટેલાઈટસ દ્વારા થઈ રહ્યો છે. વર્લ્ડ મીટીઓરોલોજી ઓર્ગેનાઈઝેશન આ દિવસની ઉજવણી દ્વારા લોકોને વાતાવરણ અને તેમાં તથા ફેરફારો વિષે માહિતગાર કરવા અને પૃથ્વી પર થતા ઝડપી બદલાવોમાં રોકથામ લાવવા પર્યાવરણ સંવર્ધનની પ્રવૃત્તિને વેગવાન બનાવવા જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. માર્ચ માસમાં આ ચાર મહત્વના પર્યાવરણીય દિવસો આવે છે. શાળા-કોલેજોમાં વિજ્ઞાનના શિક્ષક મિત્રોએ વિદ્યાર્થીઓને પ્રાર્થનાસભામાં વાર્તાલાપ કરીને કે અન્ય પ્રવૃત્તિ દ્વારા નવી પેઢીને આ ચાર દિવસોના મહત્વને સમજાવવા જોઈએ.

@ગાંધીનગર

● જય અંબે યુવક મિત્ર મંડળ કોલવડાથી અંબાજી પગપાળા યાત્રા સંઘ સવારે ૪.૦૦ કલાકે કોલવડા સોમનાથ સોસાયટીથી અંબાજી જવા માટે ભકતો સાથે પ્રસ્થાન કરશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો સે-૫-બી હંસાબેન પરમાર પ્લોટ નં. ૫૫૦/૧ મહાકાળી મંદિર ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા સે-૧૪ પ્લોટ નં. ૫૦/૨ ખાતે આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો સે-૩-સી ૫૫૦/૧ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો સંતોષી માતાના મંદિર પાસે કોબા સર્કલ પાસે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

વાતવાતમાં

● ગાંધીનગરના ચ રોડ પર ફાયર સ્ટેશન સામે ડિવાઈડર પર 'કટ' મારી નવો ક્રોસ રોડ ઉભો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ શહેરમાં માર્ગ સલામતીને અનુલક્ષીને મુખ્ય માર્ગો પરના 'કટ' બંધ કરવા સૂચન કરાયું છે અને આ સ્થળની નજીકમાં જ સે-૧૭ના હનુમાનજી મંદિર તરફ જતો 'કટ' હોવા છતાં વધુ એક ક્રોસ રોડ ઉભું કરવાનું જોખમી સાબિત થઈ શકે તેવું લાગી રહ્યું છે.

● ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં કેન્ટિનની સામેની ખુલ્લી જગ્યામાં છુટા છવાયા અનેક બાંકડા મુકવામાં આવ્યા છે જેના થકી દર્દીના સગા સંબંધીઓ વિરામ પ્રાપ્ત કરી શકે. જો કે લગભગ તમામ બાંકડા થોડે ઘણે અંશે ક્ષતિગ્રસ્ત હોવાથી આ હેતુ બર આવી શકતો નથી.

● વિધાનસભા સંકુલમાં પત્રકારો દ્વારા ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભોજન સમારંભમાં મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, વિધાનસભાના અધ્યક્ષ તથા વિપક્ષના નેતા સહિત મહાનુભાવોએ પત્રકારો સાથે સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો.

૨૫મીએ એકાઉન્ટન્ટની પરીક્ષા યોજાશે

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આગામી ૨૫મી માર્ચે વિવિધ પરીક્ષા કેન્દ્રો પર ભાગ-૧ એકાઉન્ટન્ટ માટેની લેખિત પરીક્ષા યોજાશે. જેમાં મોટી સંખ્યામાં ઉમેદવારો પરીક્ષા આપશે.

આ એકાઉન્ટન્ટની પરીક્ષા માટે ગૌણ સેવા પસંદગી મંડળે તમામ પ્રકારની તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. ગાંધીનગર અમદાવાદ સહિતના કેન્દ્રો પર બપોરે ૧૨ થી ૨ કલાક દરમિયાન ઓએમઆર પધ્ધતિથી પરીક્ષા લેવાશે.

ચિરવિદાય

- સ્વ. રબારી મેનાબેન ગમાનભાઈ, ઉ.વ. ૭૦
- સ્વ. ગૌરીબેન નારણભાઈ કાંગસીયા, ઉ.વ. ૮૩
- સ્વ. સોલંકી ચતુરભાઈ અજીતભાઈ, ઉ.વ. ૪૮
- સ્વ. ઠાકોર ગાભાજી માધાજી, ઉ.વ. ૨૩
- સ્વ. વાળંદ મેનાબેન કેશવલાલ, ઉ.વ. ૭૭
- સ્વ. ગજજર કનુભાઈ દામજીભાઈ, ઉ.વ. ૭૯
- સ્વ. કલ્પેશભાઈ કિશનભાઈ જાજોર, ઉ.વ. ૨૮